જય જય ગરવી ગુજરાત
ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૦) અંક નં. ૫૧ | ૧ મે, ૨૦૧૫, શુક્રવાર ; વૈશાખ સુદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

આજે મનપાના નવા હોદ્દેદારોની ચૂંટણી

ભાજપના કાઉન્સીલરો અને હોદ્દેદારોની સાંજે સંયુક્ત બેઠક મળી : રાજકીય ઉત્તેજનાઓ વધી

ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર મહાનગરપાલિકાના નવા હોદ્દેદારોની આજે મળનારી સામાન્ય સભામાં વિધિવત્ વરણી કરવામાં આવશે. નવ નિયુક્તીના મુદ્દે બન્ને પક્ષોએ ઉમેદવાર ઉભા રાખવાની કરેલી જાહેરાતને પગલે રાજકીય ઉત્તેજનાઓ વધી જવા પામી છે.

૩ સભ્યોના પક્ષાંતરને લઈ સત્તા મેળવનાર ભાજપ હવે સત્તા જવા દેવાના મૂડમાં નથી. તો કોંગ્રેસ પણ આ મુદ્દે ભાજપની આંતરિક ખેંચતાણનો લાભ મળશે તેવી આશા જીવંત રાખી આ ચૂંટણીમાં ઉમેદવારોને મેદાનમાં ઉતારશે.

બન્ને પક્ષો દ્વારા તેમના સભ્યોને વ્હીપ આપવામાં આવનાર છે. ૧૧ વાગ્યાના સુમારે મનપાના સભાખંડમાં મેયરશ્રી મહેન્દ્રસિંહ રાણાના અધ્યક્ષપદે સામાન્ય સભા મળશે.

આ સામાન્ય સભામાં માત્ર ચૂંટણી જ એજન્ડા છે. વંદેમાતરમ્‌ના ગાન સાથે બેઠકનો આરંભ થશે. આ બેઠક અંગે કોર્પોરેશનના તંત્ર દ્વારા પણ પુરતી તૈયારીઓ કરી લેવામાં આવી છે.

પ્રથમ મેયરની ચૂંટણી હાથ ધરાશે આ પછી નવા મેયર તેમનું સ્થાન લેશે અને ડે. મેયરની ચૂંટણી હાથ ધરશે. ડે. મેયરની ચૂંટણી બાદ સ્થાયી સમિતિના ૧૨ સભ્યોની ચૂંટણી હાથ ધરવામાં આવશે. આ બાદ બેઠક પૂર્ણ થયેલી જાહેર કરાશે.

દરમ્યાન મહાનગરપાલિકાના નવા હોદ્દેદારોની નિયુક્તીને લઈ ભાજપમાં પણ ભારે ખેંચતાણ ચાલી રહી છે. આજે સાંજે સે. ૨૧ ખાતેના કાર્યાલયમાં શહેર સંગઠનના હોદ્દેદારો અને કાઉન્સીલરોની સંયુક્ત બેઠક

● અનુસંધાન પાન-૭ પર

(તસવીર : દિપક જાની)

એસ.ટી.નો ચક્કાજામ : મુસાફરો અટવાયા

એસ ટીની હડતાળથી વાહનવ્યવહાર ખોરવાયો : ગાંધીનગર-અમદાવાદ વચ્ચે દોડતી ૧૦૭ બસો બંધ રહી : એસ ટીને અંદાજિત રૂપિયા ૬ લાખનો ફટકો : ૩૦ હજાર મુસાફરો પ્રભાવિત કર્મચારીઓ માટે ખાસ એ એમ.ટી.એસ. દોડાવાઇ : પગારપંચની વિસંગત્તા દુર કરવા સહીતની માંગણીઓ સંદર્ભે કર્મચારીઓએ હડતાળ રાખી

ગાંધીનગર, તા.૩૦

એસ ટી ના કર્મચારીઓ આજ રોજ માસ સી એલ પર ઉતરી જતા એસ ટી બસોના પૈડા થંભી ગયા હતા. ગાંધીનગર ડેપોની ૧૦૭ બસો પણ બંધ રહેતા વાહન વ્યવહાર ઠપ્પ થઇ ગયો હતો. અપડાઈનકર્તાઓએ ખાનગી વાહનોમાં મુસાફરી કરવી પડી હતી.જયારે કર્મચારીઓની પોઈન્ટ બસસેવા પણ બંધ રહેતા તેમણે હાલાકી ભોગવવનો વારો આવ્યો હતો. એસ ટી બસના માધ્યમથી અપડાઉન કરતા ૩૦ હજાર જેટલા મુસાફરોએ ખાનગી વાહનોના શરણે જવુ પડયુ હતું. એસ ટી નિગમને પણ હડતાળના લીધે અંદાજિત રૂપિયા ૬ લાખનો આર્થિક ફટકો પડયો હોવાનુ

● અનુસંધાન પાન-૭ પર

આજે શહેર રોશનીથી ઝળહળશે

સરકારી બિલ્ડીંગોને શણગારવામાં આવશે : કલોલ શહેરમાં પણ સરકારી સંકુલોને રોશનીથી શણગારવામાં આવશે

ગાંધીનગર.તા ૩૦

સ્થાપના દિવસની ઉજવણી નિમિત્તે શહેરમાં આજે રાશનીની ઝાકમઝોળ જોવા મળશે. નગરના સરકારી બિલ્ડીંગોને રંગબેરંગી રોશનીથી સુશોભિત કરવામાં આવશે.જિલ્લાકક્ષાની ઉજવણી અન્વયે કલોલમાં પણ પ્રાંત કચેરી સહિતના બિલ્ડીંગોને રોશનીથી શણગારવામાં આવશે.ગત વાઈબ્રન્ટ સમિટ વેળાએ પણ નગરને દુલ્હનની જેમ સજાવાયુ હતું.

ગુજરાતના સ્થાપના દિવસની ઉજવણી અન્વયે આજે ગાંધીનગર જિલ્લામાં કલોલ ખાતે ભવ્ય ઉજવણી કરવામાં આવશે. આ અન્વયે કલોલમાં સ્વચ્છતા રેલીનું આયોજન કરવામાં આવ્યુ છે. કલોલના કે આર સી કેમ્પસમાં જિલ્લા કલેકટરની

● અનુસંધાન પાન-૭ પર

બેસણું

અમારા પૂજ્ય પિતાશ્રી **રમણકાન્ત પુરોહિત** તા. ૨૯/૪/૨૦૧૫ને બુધવારે સ્વર્ગવાસ પામેલ છે. **સદ્‌ગતનું બેસણું તા. ૧-૫-૨૦૧૫ને શુક્રવારે સવારે ૯થી ૧૧** દરમિયાન નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળ : સૌરાષ્ટ્ર પટેલ સમાજની વાડી, સેક્ટર-૭, ગાંધીનગર

લિ.

રેણુકા રાજેશ પુરોહિત — રાજેશ રમણકાન્ત પુરોહિત
સંગીતા બિરેન પુરોહિત — બિરેન રમણકાન્ત પુરોહિત
રૂપલ હાર્દિક પુરોહિત — હાર્દિક રાજેશ પુરોહિત
રૂપા સુભાષ ઠાકર — સુભાષ હરિપ્રસાદ ઠાકર

ગં.સ્વ. સુધાબેન રમણકાન્ત પુરોહિત

સિવીલ સુપ્રિટેન્ડન્ટ તરીકે ડૉ. બિપીન નાયક મુકાયા

આર.એમ.ઓ. બાદ સિવીલ સુપ્રિટેન્ડન્ટની બદલીના મુદ્દે અનેક તર્ક વિતર્ક

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર સિવીલ હોસ્પિટલના સુપ્રિટેન્ડન્ટ તરીકેનો ચાર્જ ગાયનેક વિભાગના અધ્યક્ષ ડૉ. બિપીનભાઈ નાયકને સોંપવા અંગેના હુકમો કરાયા છે.

સિવીલ હોસ્પિટલના સુપ્રિટેન્ડન્ટ તરીકે હાલ એનોટોમી વિભાગના વડા ડૉ. સૈયદ ચાર્જમાં હતા.

સિવીલ હોસ્પિટલ સંકુલ હવે કોલેજ હસ્તક થઈ ગયું હોવાથી અહીં સુપ્રિટેન્ડન્ટ તરીકેની જગ્યા જીએમઈઆરએસ દ્વારા ભરવામાં આવશે. આ જગ્યા માટે એક વખત ઈન્ટરવ્યુ પણ થયા હતા પરંતુ ત્યારબાદ હજુ આ કાર્યવાહી પૂર્ણ થઈ ન હોવાનું મનાઈ રહ્યું છે.

ગાંધીનગર સિવીલ નિવાસી મેડીકલ ઓફિસર સુશ્રી દક્ષાબેનની પ્રતિ નિયુકિતથી સોલા હોસ્પિટલમાં નિયુકિતના અહેવાલોની શાહી સુકાઈ નથી ત્યાં સિવીલ સુપ્રિટેન્ડન્ટની જગ્યાનો હવાલો ગાયનેક વિભાગના વડા ડૉ. નાયકને સોંપવાના હુકમો કરાયા છે.

ડૉ. નાયકે તેમની નવી જગ્યાનો ચાર્જ સંભાળી પણ લીધો છે.

ગાંધીનગરમાં સતત એક અઠવાડિયાથી હીટવેવ

ગાંધીનગર, તા.૩૦

ગાંધીનગર સહિત સમગ્ર રાજયમાં ગરમીએ માઝા મુકી છે. ઘણા શહેરોમાં મહત્તમ તાપમાન ૪૧ ડિગ્રીને આંબી ગયું છે. પાટનગરમાં પણ દિવસ દરમિયાન જાણે અગનગોળા વરસતા હોય તેટલી આકરી ગરમી પડી રહી છે. ગુરૂવારે મહત્તમ તાપમાન ૪૨.૪ ડિ.સે. નોંધાયું હતું.

મહત્તમ તાપમાન ૪૨ ડિગ્રીની આસપાસ નોંધાઈ રહ્યું છે. આખો દિવસ ગરમ લુ ફુંકાતા હાથ પગના આંગળા પણ બળવા માંડે છે. સવારે ૯થી સાંજે ૬ વાગ્યા સુધી તો ઘરની બહાર પણ ન નીકળી શકાય તેટલી ગરમી પડે છે. સૂકા પવન અને આકાશમાંથી વરસી રહેલા અગનગોળાઓના કારણે વસાહતીઓ ત્રાહીમામ પોકારી ઉઠયા છે. દિવસ દરમિયાન પારો ઉંચકાતા લોકોએ દિવસે ઘરની બહાર નીકળવાનું ટાળ્યું હતું. મહત્તમ તાપમાન ૪૨.૪ ડિ.સે. જયારે લઘુત્તમ તાપમાન ૨૪ ડિ.સે. નોંધાયું હતું. જયારે ભેજનું પ્રમાણ સવારે ૫૩ ટકા અને સાંજે ૨૧ ટકા નોંધાયું હતું.

KIPA

ઉનાળુ વેકેશનની રજાઓનો સદ્‌ઉપયોગ કરી, નવું કૌશલ્ય પ્રાપ્ત કરો

ફોક, વેસ્ટર્ન અને ભરતનાટ્યમ ડાન્સીંગ
૧૦ મે, ૨૦૧૫ થી બે-મહિના સુધી અઠવાડિયામાં ત્રણ દિવસ

ફ્લોર એક્સરસાઇઝ અને એરોબિક્સ
(ફક્ત બહેનો માટે)
૧૦ મે, ૨૦૧૫ થી બે મહિના સુધી અઠવાડિયાના પાંચ દિવસ
(શનિ-રવિ સિવાય)

પ્રથમ ૫૦ વિદ્યાર્થીઓને સ્પેશીયલ ડિસ્કાઉન્ટ

ખુશ્બૂ કુલદીપ શુકલ મો.7405117117

જોઈએ છે
જુના કલર ટી.વી.
૧૪'', ૨૦'' અને ૨૧''
બંધ હાલતમાં
સંપર્ક : શૈલેષભાઈ - મો. : ૯૭૧૪૧ ૯૮૩૬૬

પબ્લિક હૉલિડે સેલ
29 એપ્રિલ - 3મે
થોડો માટે. થોડો ઘણા.
જલ્દી કરો! છેલ્લા 3 દિવસ
Additional 5% Discount on State Bank Debit & Credit Cards
State Bank DEBIT CARD | SBI Card

₹757 — ફોર્ચ્યુન કપાસીયા તેલ 5 લિટર + ગોલ્ડન હાર્વેસ્ટ દિલખુશ બાસમતી ચોખા 5 કિલો + મધુર ખાંડ 5 કિલો ~~₹1945~~
₹359 — ગોલ્ડન હાર્વેસ્ટ જુરાસર ચોખા 10 કિલો ~~₹400~~
₹229 — એસકે આટ્ટા પાઉચ પેક 10 કિલો ~~₹360~~
ખરીદો 2 મેળવો 1 મફત — લોટ્ટે ચોકોપાઈ ક્રિમ બિસ્કીટ (336 ગ્રામ) ₹ 140 / સોફ્ટ ડ્રીંક (1 લિટર અને વધુ) ₹ 40 થી શરૂ/ ફ્રુટ જ્યુસ (1 લિટર અને 1.2 લિટર) સમચ શ્રેણી ₹ 62 થી શરૂ/ ચીઝ (સમચ શ્રેણી) (100 ગ્રામ થી શરૂ) ₹ 65 થી શરૂ / પાર્ક એવન્યુ/નિવેયા/કેનવર/એનવી/પ્રોવોગ ડીઓડ્રન્ટ 150 મીલી ₹ 260
₹78/- — રીન એડવાન્સ ડીટરજન્ટ પાવડર 6 કિલો ~~₹528~~
₹359 — ડવ શેમ્પુ કેઈલી શાઈન/ઈન્ટેન્સ રીપેર/હેર ફોલ રેસ્ક્યુ 650 મીલી ~~₹410~~
₹1499 — LA OPALA 21 પીસ ઓપલવેર ડીનર સેટ ~~₹1995~~
₹888+ 1 રીફીલ મફત — ડ્રીમલાઈન મેજીક મોપ બકેટ ~~₹2450~~
₹1999 — MILESTONE 4 વ્હીલ સ્પીનર ટ્રોલી ~~₹1999~~
ખરીદો 1 મેળવો 1 મફત — પ્રિમીયમ પ્રિન્ટેડ સિંગલ એન્ડ ડબલ બેડશીટ સેટ સમચ શ્રેણી ~~₹699-3599~~
₹1795 — પ્રેસ્ટીજ ઈન્ડક્શન કુકટોપ PIC 16.0 ~~₹3295~~
₹499 — નિર્લેપ ફ્રાયપેન ફ્લેટ તવા 250MM + ફ્રાયપેન 200MM ~~₹940~~
fbb — બીજી ઘણી ઑફર્સ માત્ર 5 દિવસ માટે જ. ખરીદો 1 મેળવો 1 મફત — મેન્સ એન્ડ લેડીઝ કેઝુઅલ
ખરીદો 1 મેળવો 1 મફત — લેડીઝ એથનીક કુર્તા
ખરીદો 1 મેળવો 1 મફત — કિડ્ઝ એપરલ ની વિશાળ શ્રેણી
Black Code BLACK Men's Casual Shoes ₹499 Onwards — UP TO 60% OFF
₹4990 Get 8 GB Memory Card FREE — INTEX Aqua Life II 3G Smartphone 5 (12 cm) Display Screen Android OS, 1.2 Ghz Quad Core 8 GB Onboard & 1 GB RAM
અગોરા મૉલ, સરદાર પટેલ રીંગ રોડ, ગાંધીનગર.
BIG BAZAAR બનાવે છે ઈંડિયાને બ્યુટિફુલ
સ્ટોર ખુલશે સવારે ૯ વાગ્યે